# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

**“શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક) જાહેરનામું”**
**“Teacher Aptitude Test (Secondary)-TAT (S) Notification”**

**જાહેરનામાં ક્રમાંક:રાપબો/TAT (S) /૨૦૧૮/૨૯૧૫-૨૯૬૦** **તા:૧૧/૦૬/૨૦૧૮**

શિક્ષણ વિભાગના તા:૧૧/૦૨/૨૦૧૧ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૨/બીએમએસ-૧૧૦૯-૧૯૦૬-જી થી રજિસ્ટર થયેલી ખાનગી(ગ્રાન્ટ-ઇન-એડ) માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી માટે અને શિક્ષણ વિભાગના તા:૧૮/૦૪/૨૦૧૨ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૨/ બીએમએસ/૧૧૦૯-૧૯૦૬-જી થી સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે શિક્ષક અભિરૂચિ કસોટી ઉત્તીર્ણ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના તા:૨૩/૦૨/૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૭/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/જી થી “Teacher and Head Masters of registered Private Secondary and Higher Secondary Schools (Procedure for Selection) (Amendment Rules,2016” બનાવવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના તા:૨૩/૦૨/૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૮/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/જી થી “Teacher of registered Government Secondary and Higher Secondary Schools (Procedure for Selection) (Amendment Rules,2016” બનાવવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના તા:0૩/૦૨/૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૩/બીએમએસ/૧૧૦૯/ જી થી રજિસ્ટર થયેલી ખાનગી(ગ્રાન્ટ-ઇન-એડ) માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી માટે આવશ્યક શિક્ષક અભિરૂચિ કસોટીના આયોજનની કામગીરી રાજ્ય પરીક્ષા બોર્ડને સોંપવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના તા:0૩/૦૨/૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૪/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/જી સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી માટે આવશ્યક શિક્ષક અભિરૂચિ કસોટીના આયોજનની કામગીરી રાજ્ય પરીક્ષા બોર્ડને સોંપવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના તા:૨૦/૦૫/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૭/૭૭૩/ગ તથા તા:૦૭/૦૫/૨૦૧૮ ના સુધારા ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૭/૭૭૩/ગ થી રજિસ્ટર થયેલી ખાનગી(ગ્રાન્ટ-ઇન-એડ) માધ્યમિક શાળાઓમાં તથા સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટેની શિક્ષક અભિરૂચિ કસોટીઓ માટેના નિયમો ઠરાવવામાં આવ્યા છે.

રાજ્ય પરીક્ષા બોર્ડના તા:૧૨/૧૦/૨૦૧૭ ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TAT (S)/૨૦૧૭/૬૮૭૩-૬૯૧૭ તથા તા:૧૫/૧૧/૨૦૧૭ ના જાહેરનામાં ક્રમાંક: રાપબો/TAT(S)/૨૦૧૭/૯૦૧૧-૯૦૫૬ થી તા:૦૧/૧૧/૨૦૧૭ થી તા:૨૯/૧૧/૨૦૧૭ દરમિયાન ઓનલાઇન આવેદનપત્રો ભરાવવામાં આવ્યા હતા.

શિક્ષણ વિભાગ દ્વારા ક્રમાંક:બમશ/૧૧૧૬/૧૨/છ,તા:૦૮/૦૬/૨૦૧૮ ના સંકલિત ઠરાવ થી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શીખવતા વિષયોની ભરતી માટેના લાયકાત અને વિષયો તથા માધ્યમ અંગેની જોગવાઇઓ નિયત કરવામાં આવેલ છે.

ઉક્ત બાબતને ધ્યાને લઇ, શિક્ષણ વિભાગ દ્વારા તા:૦૮/૦૬/૨૦૧૮ નાં સંકલિત ઠરાવથી નવા ઉમેરવામાં આવેલ વિષયો સાથેની સુધારેલ લાયકાત ધરાવતા ઉમેદવારો, માધ્યમની જોગવાઇમાં થયેલ ફેરફાર મુજબ નવું આવેદનપત્ર ભરવા માગતા ઉમેદવારો, ચાલુ વર્ષે નિયત થયેલ શૈક્ષણિક અથવા વ્યવસાયિક લાયકાતના છેલ્લા વર્ષ/સેમેસ્ટરની પરીક્ષા આપેલ હોય પરંતુ પરીણામ પ્રસિદ્ધ થયેલ ન હોય તેવા ઉમેદવારો તથા નિયત લાયકાત ધરાવતા હોવા છતાં અગાઉ નિયત સમયમર્યાદામાં આવેદનપત્ર/પરીક્ષા ફી ભરી શકેલ ન હોય તેવા ઉમેદવારો માટે રજિસ્ટર થયેલી ખાનગી(ગ્રાન્ટ-ઇન-એડ) માધ્યમિક તથા સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે નિમણૂંક મેળવવા માટેની **શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક) Teacher Aptitude Test (Secondary) TAT (S)** રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા યોજવા આથી જાહેરનામું બહાર પાડવામાં આવે છે. સદર કસોટી/પરીક્ષાનું આયોજન રાજ્ય પરીક્ષા બોર્ડના સંચાલન હેઠળ નક્કી કરેલ કેન્દ્રો ખાતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ મારફતે કરવામાં આવશે.

❖ **અગત્યની સૂચનાઓ:**

- **નિયત લાયકાત ધરાવતા જે ઉમેદવારોએ અગાઉ આવેદનપત્ર તથા પરીક્ષા ફી ભરેલ છે અને જેઓ પરીક્ષાના માધ્યમમાં ફેરફાર કરવા માગતા નથી તેવા ઉમેદવારોએ નવા આવેદનપત્ર ભરવાના નથી.**
- નિયત લાયકાત ધરાવતા જે ઉમેદવારોએ અગાઉ આવેદનપત્ર ભરેલ છે પરંતુ પરીક્ષા ફી ભરેલ નથી તેઓએ નવું આવેદનપત્ર ભર્યા બાદ નવા આવેદનપત્ર મુજબ પરીક્ષા ફી ભરવાની રહેશે.
- માધ્યમની જોગવાઇમાં થયેલ ફેરફારને કારણે જે ઉમેદવાર અગાઉ જે માધ્યમમાં આવેદનપત્ર ભરેલ છે તે બદલીને અન્ય માધ્યમમાં આવેદનપત્ર ભરવા માગતા હોય તો તેઓએ નવા આવેદનપત્રો ભરવાના રહેશે તથા નવા આવેદનપત્ર મુજબ ફરી પરીક્ષા ફી ભરવાની રહેશે. માધ્યમ બદલવા માટે નવું આવેદનપત્ર ભરનાર ઉમેદવાર પોતાના જુના આવેદનપત્ર માટે ભરેલ ફી આ સાથે સામેલ નમૂનામાં તા:૩૦/૦૬/૨૦૧૮ સુધીમાં અત્રેની કચેરી ખાતે ઇ-મેલ/પોસ્ટથી અરજી કરી પરત મેળવી શકશે. આવા ઉમેદવારોને અરજી કર્યાના એક મહિનામાં RTGS થી ફી પરત કરવામાં આવશે.
- શિક્ષણ વિભાગ દ્વારા નવા ઉમેરવામાં આવેલ વિષયો સાથેની સુધારેલ લાયકાત ધરાવતા ઉમેદવારો કે જેઓએ અગાઉ આવેદનપત્ર ભરેલ નથી તેઓએ નવા આવેદનપત્રો ભરવાના રહેશે તથા નવા આવેદનપત્ર મુજબ પરીક્ષા ફી ભરવાની રહેશે.
- જે ઉમેદવારો આ કસોટી માટે નિયત થયેલ શૈક્ષણિક કે વ્યવસાયિક લાયકાતના કોઇ એક અભ્યાસક્રમના છેલ્લા વર્ષ કે સેમેસ્ટરની પરીક્ષા આપેલ હોય પરંતુ પરીણામ પ્રસિદ્ધ થયેલ ન હોય તેવા ઉમેદવારો પણ આ જાહેરાતના અનુસંધાને આવેદનપત્ર ભરી શકશે. આવા ઉમેદવારોની આ પરીક્ષાની અરજી અને આ પરીક્ષાનું પરીણામ તેઓની છેલ્લા વર્ષ કે સેમેસ્ટરની પરીક્ષાના પરીણામને આધિન રહેશે.

❖ **શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક) Teacher Aptitude Test (Secondary)-TAT (S) નો કાર્યક્રમ:**

| ક્રમ | વિગત | તારીખ/સમયગાળો |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | ૧૧/૦૬/૨૦૧૮ |
| ૨ | ઉમેદવારો માટે રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરવાનો સમયગાળો | ૧૨/૦૬/૨૦૧૮ થી ૧૮/૦૬/૨૦૧૮ |

| | | |
|---|---|---|
| ૩ | નેટ બેંકીંગ મારફત ફી સ્વીકારવાનો સમયગાળો | ૧૨/૦૬/૨૦૧૮ થી ૧૮/૦૬/૨૦૧૮ |
| ૪ | કમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઓફીસ મારફત ફી સ્વીકારવાનો સમયગાળો | ૧૨/૦૬/૨૦૧૮ થી ૧૯/૦૬/૨૦૧૮ |

❖ **લેટ ફી:-**

- જે ઉમેદવારોને નિયત સમયગાળામાં ફી ભરવાની રહી જાય તો તેવા ઉમેદવારો તા:૨૦/૦૬/૨૦૧૮ (બુધવાર) થી તા:૨૩/૦૬/૨૦૧૮ (શુક્રવાર) દરમિયાન કચેરી કામકાજના દિવસોમાં રૂ! ૨૦૦/- લેટ ફી સહિત નિયત ફી રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે રૂબરૂ ભરી શકશે.

❖ **પરીક્ષા તારીખ**

- શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક) સંભવિત જુલાઈ-૨૦૧૮ માં યોજવામાં આવશે.

❖ **વિષયો:**

શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક) અંતર્ગત વિજ્ઞાન & ટેકનોલોજી/ગણિત, સામાજિક વિજ્ઞાન, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, મરાઠી, ઊર્દુ, સિંધી, તમીલ, તેલુગુ, ઉડીયા, ફારસી, અરબી, કમ્પ્યુટર, ચિત્ર, સંગીત, યોગ સ્વાસ્થ અને શારિરીક શિક્ષણ, કૃષિ વિદ્યા,પશુપાલન અને ડેરી વિજ્ઞાન તથા ગૃહ જીવન વિદ્યા વિષયોની કસોટી યોજવામાં આવશે.

❖ **શૈક્ષણિક લાયકાત વિગતો:**

રજિસ્ટર થયેલી ખાનગી(ગ્રાન્ટ-ઇન-એડ) માધ્યમિક શાળાઓમાં અને સરકારી માધ્યમિક શાળાઓમાં સંબંધિત વિષયના શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે સંબંધિત વિષય માટે રાજ્ય સરકાર દ્વારા નક્કી થયેલ અને તેમાં વખતોવખત થતા સુધારાવધારા સાથેની શૈક્ષણિક અને તાલીમી લાયકાત ધરાવતા અન્ય જોગવાઇ/શરતો પરિપૂર્ણ કરતા ઉમેદવાર જ આ શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક) માટે ઉપસ્થિત થઇ શકશે.

- વિષયવાર શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાત પત્રક-૧ તથા પત્રક-૨ મુજબ રહેશે.
- આ ઉપરાંત પત્રક-૩ માં દર્શાવેલ વિશિષ્ટ શાળાઓમાં શિક્ષકોની નિમણૂક માટેની શૈક્ષણિક અને તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવારો સંબંધિત વિષયની શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક) આપી શકશે.
- ઉમેદવારે પત્રક-૧,૨ અને ૩ નો કાળજીપૂર્વક અભ્યાસ કર્યા બાદ જ ઓનલાઇન આવેદનપત્ર ભરવાનું રહેશે.
- શૈક્ષણિક અને તાલીમી લાયકાતની વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે.

❖ **કસોટીનું માળખુ:**

- આ કસોટી બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી પ્રશ્નો સ્વરૂપની (Multiple Choice Question Based-MCQS) OMR આધારીત રહેશે.
- આ કસોટીઓ બે વિભાગમાં રહેશે.

વિભાગ-૧ માં ૧૦૦ પ્રશ્નો રહેશે. તમામ પ્રશ્નો ૦૧ ગુણના રહેશે.

વિભાગ-૨ (અ) માં ૫૦ પ્રશ્નો રહેશે.જે પૈકી ૩૦ પ્રશ્નો ૨ ગુણના અને ૨૦ પ્રશ્નો ૦૧ ગુણના રહેશે.

વિભાગ-૨ (બ) માં ૨૦ પ્રશ્નો રહેશે. તમામ પ્રશ્નો ૦૧ ગુણના રહેશે.

- આ કસોટીઓમાં વિવિધ હેતુલક્ષી કુલ ૧૭૦ પ્રશ્નો તથા કુલ ગુણ ૨૦૦ રહેશે અને પ્રશ્નપત્રનો સળંગ સમય ૧૮૦ મિનીટનો રહેશે.
- આ કસોટીના બંન્ને વિભાગ અને તમામ પ્રશ્નો ફરજીયાત રહેશે. આ કસોટીના બંન્ને વિભાગનું સળંગ એક જ પ્રશ્નપત્ર રહેશે.
- દરેક પ્રશ્નના ઉત્તરમાં ચાર વિકલ્પ આપેલા હશે, તેમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
- આ કસોટીના મુલ્યાંકનમાં કોઇ નકારાત્મક મુલ્યાંકન રહેશે નહી.
- પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૭/૭૭૩/ગ,તા:૨૦/૦૫/૨૦૧૭ તથા શિક્ષણ વિભાગના સુધારા ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૭/૭૭૩/ગ, તા:૦૭/૦૫/૨૦૧૮ થી થયેલ સુધારા અનુસાર રહેશે. (ઠરાવની નકલ આ સાથે સામેલ છે.)
- વિભાગ-૧ અને વિભાગ-૨ (બ) ના પશ્નો ઉમેદવાર દ્વારા પસંદ કરાયેલ માધ્યમમાં રહેશે.
- વિભાગ-૨(અ)નો સંબંધિત વિષયનો ગુજરાત રાજ્યનો ધોરણ-૯ અને ધોરણ-૧૦ નો અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ:૨૦૧૭-૧૮ મુજબ રહેશે.

❖ **<u>પરીક્ષા ફી :</u>**

- SC, ST, SEBC, PH કેટેગરીના ઉમેદવારો માટે પરીક્ષા ફી 250/- (બસો પચાસ પુરા) જયારે સામાન્ય કેટેગરીના ઉમેદવારો માટેની પરીક્ષા ફી 350/- (ત્રણસો પચાસ પુરા) ભરવાની રહેશે. આ ઉપરાંત સર્વિસ ચાર્જ અલગથી રહેશે.
- કોઇપણ સંજોગોમા ભરેલ ફી પરત કરવામા આવશે નહિ.
- <u>ફી સ્વીકાર કેન્દ્રઃ-</u>

▪ આવેદનપત્ર ભર્યા બાદ ફીના ચલણની પ્રિન્ટ કાઢી ગુજરાતની કોઇપણ કમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઓફીસમાં ફી ભરી શકાશે. ત્રણ ભાગમાં પ્રિન્ટ થયેલ ચલણ પૈકી બે ભાગ ઉમેદવારને પોસ્ટ ઓફીસ દ્વારા પરત આપવામાં આવશે. પોસ્ટ ઑફીસ દ્વારા ફી ભરનાર ઉમેદવારે પોસ્ટ ઑફીસ દ્વારા આપવામાં આવતી રીસીપ્ટ સાથે પોતાના કન્ફર્મેશન નંબરથી જ ફી ભરાયેલ છે કે નહિ તેની ચકાસણી કરી લેવાની રહેશે.

▪ ઉમેદવાર ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD/NET BANKING થી પણ પરીક્ષા ફી ભરી શકશે. ઓનલાઇન ફી જમા કરાવવા માટે “Print Application/Challan” ઉપર ક્લીક કરવું અને વિગતો ભરવી. ત્યાર બાદ “Online Payment” ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં “Net Banking of fee” અથવા “Other Payment Mode” ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઇ છે તેવું screen પર લખાયેલું આવશે. અને e-receipt મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.

▪ ઓનલાઇન ફી ભરનાર ઉમેદવારે જો તેના બેંક ખાતામાંથી ફીની રકમ કપાયા બાદ ફીનું “Successful Transaction” દર્શાવતી e-receipt જનરેટ ન થઇ હોય તો તેવા ઉમેદવારોએ તાત્કાલિક રાજ્ય પરીક્ષા બોર્ડનો ઇ-મેલથી સંપર્ક કરવાનો રહેશે.

❖ <u>કસોટી/પરીક્ષા કેન્દ્ર:</u>

- કસોટી/પરીક્ષા માટે નોંધાયેલ ઉમેદવારોની સંખ્યા તથા પરીક્ષાલક્ષી વહીવટી અનુકૂળતા અનુસાર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કસોટી/પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવશે. ઉમેદવારે બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા આપવાની રહેશે.

❖ <u>પ્રશ્નપત્રનું માધ્યમ:</u>

- આ કસોટી ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી એમ ત્રણ માધ્યમમાં યોજવામાં આવશે. ઉમેદવાર પોતાની પસંદગી અનુસાર કોઇ એક માધ્યમમાં પરીક્ષા આપી શકશે. પરંતુ ઉમેદવારે જે માધ્યમની શિક્ષક અભિરૂચિ કસોટી ઉત્તીર્ણ કરેલ હશે તે માધ્યમમાં શૈક્ષણિક કાર્ય કરતી શાળામાં જ (એટલે કે તે માધ્યમની શાળામાં જ) શિક્ષક તરીકે નિમણૂક મેળવવા માટે પાત્ર ઠરશે. ત્રણે માધ્યમની કસોટીના પ્રશ્નપત્ર (પ્રશ્નો) અલગ રહેશે.

❖ <u>અગત્યની સુચનાઓ:</u>

1. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પછીથી વેબસાઈટ નિયમિત જોતા રહેવું આવશ્યક છે.
2. ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અંગે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ખરાઈ કરવામાં આવતી નથી. આથી વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગત માટે ઉમેદવાર પોતે જવાબદાર રહે છે.
3. આ કસોટી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આવેદનપત્ર ઓનલાઇન ભરાવવામાં આવે છે અને તેમાં જે માહિતી માંગેલ હોય તે માહિતીની વિગતો ઉમેદવાર દ્વારા છુપાવવામાં આવી હોય અથવા ખોટી માહિતી આપવાનું બોર્ડને માલુમ પડશે તો તેવા ઉમેદવારના પરિણામ રદ કરવાનો નિર્ણય અધ્યક્ષશ્રી,રાજ્ય પરીક્ષા બોર્ડ લેશે.
4. ઉમેદવારે  પોતે ભરેલ ફોર્મની વિગત સાચી છે તેવું પ્રમાણપત્ર ઓનલાઈન આપવાનું રહેતુ હોઈ જો કોઈ ખોટી વિગત રજુ કરશે તો તેનુ ફોર્મ રદ થવા પાત્ર બનશે તથા તેની સામે ફોજદારી ગુનો બનશે.
5. વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે.
6. અનુસૂચિત જાતિના તેમજ અનુસૂચિત જનજાતિના કિસ્સામાં સક્ષમ અધિકારીનું જાતિ પ્રમાણપત્ર હોવું જરૂરી છે.
7. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે રાજય સરકારે નકકી કરેલા સક્ષમ અધિકારીનું સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું જાતિ પ્રમાણપત્ર તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા:૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૫/ ૪૫૫૨૪૬/અ અને આ અંગે વખતોવખતના ઠરાવ મુજબનું સક્ષમ અધિકારીનું ઉન્નતવર્ગમાં સમાવેશ થતો ન હોવાનું (નોન ક્રિમીલીયર સર્ટી) પ્રમાણપત્ર મેળવેલ હોવું જોઈએ.
8. શારિરીક અપંગતા(Physically Handicap) ના કિસ્સામાં રાજય સરકારે નકકી કરેલ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર હોવું જરૂરી છે.
9. ઉમેદવારે વેબસાઈટ પર ઓનલાઇન ભરેલ ફોર્મની પ્રિન્ટ કાઢી તે ફોર્મમાં સહી કરીને જરૂરી આધારો જેવા કે, પરીક્ષા ફી ભર્યાની પે સ્લીપ નકલ, જાતિ પ્રમાણપત્ર , ઉન્નતવર્ગમાં સમાવેશ થતો ન હોવાનું (નોન ક્રિમીલીયર સર્ટી) પ્રમાણપત્ર અને શારિરીક અપંગતા (Physically Handicap) અંગેનું પ્રમાણપત્ર

પૈકી ઉમેદવારને લાગુ પડતા હોય તેવા આધારો પોતાની પાસે રાખવાના રહેશે. જ્યારે કોઈ જરૂરિયાત ઉપસ્થિત થાય ત્યારે ઉમેદવારે તે રજુ કરવાના રહેશે.

10. જે ઉમેદવારે નિયત પરીક્ષા ફી ભરેલ હશે તે જ ઉમેદવાર પોતાની કમ્પ્યુટરાઈઝ હોલટિકિટ આ જ વેબસાઈટ પરથી નિયત સમયગાળા દરમિયાન પોતાનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાખી ડાઉનલોડ કરી શકશે.
11. ઉમેદવારે હોલટિકિટ ડાઉનલોડ કર્યા બાદ તેની નીચે /પાછળ આપેલી સૂચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો. હોલટીકીટ સાથે પરીક્ષા વખતે આપવામાં આવતી OMR શીટનો નમૂનો પણ વેબસાઈટ પર મુકવામાં આવશે. આ OMR શીટના નમૂના પર છાપેલ તમામ સૂચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો ખૂબ જ જરૂરી છે. જેથી પરીક્ષા સમયે કોઈ ગુંચવણ ઊભી ન થાય.
12. આ કસોટીમાં પાસ થવા માટે તમામ કેટેગરીના ઉમેદવારોએ કુલ ગુણના ૫૦% ગુણ એટલે કે કુલ ગુણ ૨૦૦ માંથી બંન્ને વિભાગના મળીને ૧૦૦ ગુણ મેળવવાના રહેશે.
13. આ કસોટીમાં માત્ર ઉત્તીર્ણ ઉમેદવારોને જ ગુણાંકન સાથેનું પ્રમાણપત્ર બોર્ડ દ્વારા આપવામાં આવશે.
14. આ કસોટીના પ્રમાણપત્રની અવધિ પરીણામની તારીખથી પાંચ વર્ષ સુધીની રહેશે.
15. એક વાર આ કસોટી આપી દીધા પછી કોઇપણ ઉમેદવાર પોતાના ગુણાત્મક સુધારા અને સારા મેરીટ માટે એક કરતા વધુ વખત પરીક્ષા આપી શકશે અને તેવી સ્થિતિમાં ઉમેદવાર ભરતી વખતે જે કસોટીનું જે પ્રમાણપત્ર રજૂ કરશે તે ધ્યાને લેવામાં આવશે.
16. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાઈ રહેલ આ કસોટી બાબતે ઉમેદવારોને લાલચ કે છેતરપીંડી આચરે તેવા અસામાજિક તત્વોથી સાવધ રહેવા જણાવવામાં આવે છે. કોઈપણ જાતની લાગવગ લાવનાર ઉમેદવારને ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.
17. ઉકત જાહેરાત અન્વયે વધુ માહિતીની જરૂર જણાય તો કચેરીના ચાલુ કામકાજના દિવસે કચેરી સમય દરમિયાન બોર્ડની કચેરીના ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર 1800 233 7963 ઉપર સંપર્ક કરી શકાશે.
18. આ કસોટી રજિસ્ટર થયેલી ખાનગી(ગ્રાન્ટ-ઇન-એડ) તથા સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે જરૂરી લાયકાત મેળવવા માટેની છે, આ કસોટી પાસ કરવાથી શિક્ષક તરીકેની પસંદગીનો હક પ્રસ્થાપિત થતો નથી.

## ❖ <u>ઓનલાઈન અરજી કરવાની રીત :</u>

- આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૧૨/૦૬/૨૦૧૮ (બપોર ૧૪.૦૦ કલાક) થી તા:૧૮/૦૬/૨૦૧૮ (રાત્રે ૨૩.૫૯ કલાક) દરમિયાન http://ojas.gujarat.gov.in પર ઓનલાઈન જ અરજીપત્રક સ્વીકારવામાં આવશે. ઉમેદવારે નિયત કરેલ ફોર્મ ઓનલાઈન ભરવા માટેની સૂચનાઓ નીચે મુજબની છે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે.
- અરજી ફોર્મ ચોકસાઈપૂર્વક online ભરવાનું રહેશે. <u>નામ, અટક, જન્મ તારીખ, જાતિ (કેટેગરી) કે અન્ય કોઈ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.</u>
- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ http://ojas.gujarat.gov.in પર જવું.
- ત્યારબાદ "Online Application" માં "Apply" પર ક્લીક કરવું.
- જો ઉમેદવારે ઓજસની વેબસાઇટ પર રજીસ્ટ્રેશન કરેલ હોય તો પોતાનો રજીસ્ટ્રેશન નંબર અને જન્મ તારીખ નાખીને "Apply" પર ક્લીક કરવું.

- જો ઉમેદવાર ઓજસની વેબસાઇટ પર રજીસ્ટ્રેશન કરેલ ન હોય અને નવું રજીસ્ટ્રેશન કરવા માંગતા હોય તો "New Registration" પર ક્લીક કરી પોતાની વિગતો ભરી શકશે અને રજીસ્ટ્રેશન નંબર મેળવી શકશે.
- જો ઉમેદવાર ઓજસની વેબસાઇટ પર રજીસ્ટ્રેશન કર્યા વગર ફોર્મ ભરવા માગતા હોય તો "Skip" પર ક્લીક કરી આગળ વધવાનું રહેશે.
- ત્યારબાદ સંબંધિત જાહેરાતનું ઓનલાઇન આવેદનપત્ર ખુલશે.
- રજીસ્ટ્રેશન કરેલ હોય તેવા ઉમેદવારોની વ્યક્તિગત માહિતી, સંપર્ક માહિતી, ભાષાની જાણકારી અને અન્ય માહિતી તથા ફોટો-સહિ આપોઆપ રજીસ્ટ્રેશન ડેટામાંથી આવી જશે. ઉમેદવારે શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાત ભરવાની રહેશે.
- રજીસ્ટ્રેશન કરેલ ન હોય તેવા ઉમેદવારોએ ઉપરોક્ત માહિતી ભરવાની રહેશે તથા ફોટો-સહિ અપલોડ કરવાના રહેશે.
- ફોટો અને સહિ માટેનું ફોર્મેટ તથા સાઇઝ ઓજસની વેબસાઇટ આપેલ સૂચના મુજબ રાખવુ.
- અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. અરજી Confirm કર્યા પહેલાં કોઈપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ **અરજી Confirm થઈ ગયા બાદ અરજીમાં કોઈપણ જાતનો સુધારો કરી શકાશે નહી**. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm Application **પર** Click **કરવુ.**
- **વધુમાં ઉમેદવારે વિગતો ભરતી વખતે જો પોતાના નામ, અટક, જન્મ તારીખ કે કેટેગરી જો કોઈ ભૂલ કરેલ હશે તો પાછળથી માર્કશીટમાં કોઈ સુધારો કરવામાં નહી આવે તેની ઉમેદવારે ખાસ ધ્યાન રાખવું.**
- Confirm Application પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં online સ્વીકાર થઈ જશે. અહીં Confirm Number Generate થશે. જે ત્યારપછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ ઉમેદવારે સાચવવાનો રહેશે. ઉમેદવારે બોર્ડ સાથે કોઈપણ પત્રવ્યવહાર કે રજૂઆત કરતી વખતે પોતાનો આ Confirmation Number દર્શાવવાનો રહેશે.
- Print Application/Challan ઉપર ક્લીક કરીને Confirmation Number અને Birth Date નાંખીને ભારતીય પોસ્ટ ઓફીસની પે સ્લીપ (ચલણ) ડાઉનલોડ કરવું. આ પે સ્લીપથી પરીક્ષાના ફીની રકમ ગુજરાતની કોઈપણ કોમ્પ્યુટરાઈઝ્ડ ભારતીય પોસ્ટ ઓફીસમાં ભરવાના રહેશે. ઉપરાંત પોસ્ટ ઓફીસ દ્વારા પરીક્ષા ફી પેટેના સર્વિસ ચાર્જ સહિતના રૂપિયા ૧૨/- ઉમેદવારે ભોગવવાનો રહેશે.
- આ ઉપરાંત ઉમેદવાર ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD/NET BANKING થી પણ પરીક્ષા ફી ભરી શકશે.

સ્થળ:ગાંધીનગર
તારીખ:૧૧/૦૬/૨૦૧૮

(પી એ. જલુ)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

➢ **<u>નકલ સવિનય જાણ તથા અમલ સારૂઃ</u>**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ.
- એસ.આઈ.ઓ.શ્રી, એન.આઈ.સી., ગુજરાત રાજય, ગાંધીનગર.
- ચીફ પોસ્ટ માસ્ટર જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ.
- મેનેજરશ્રી,બીલડેસ્ક,અમદાવાદ

➢ **<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :</u>**

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ,નવા સચિવાલય,ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી(માધ્યમિક),શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં:૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં:૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- નાયબ નિયામકશ્રી,આર.એમ.એસ.એ.,ગાંધીનગર

# માધ્યમિક શાળાઓમાં (SSC) શિક્ષકોની ભરતીના વિષયોની વિગત

| ક્રમ | વિષય | સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | | અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય (જો ધરાવતા હોય તો) | | વ્યવસાયિક લાયકાત (બી.એડ./શિક્ષા વિશારદ (ગુજરાત વિદ્યાપીઠ) / ડીબીએડ/ G.B.T.C.) | | એમ.એડ./ શિક્ષા પારંગત (ગુજરાત વિદ્યાપીઠ) (જો ધરાવતા હોય તો) | TAT કસોટીનો વિષય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | લાયકાત | વિષય | લાયકાત | વિષય | પદ્ધતિ-૧ | પદ્ધતિ-૨ | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | ગુજરાતી | બી.એ. | ગુજરાતી | એમ.એ. | ગુજરાતી | ગુજરાતી | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | ગુજરાતી |
| | | બી.આર.એસ. | ગુજરાતી | | | | | | |
| ૨ | હિન્દી | બી.એ. | હિન્દી | એમ.એ. | હિન્દી | હિન્દી | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | હિન્દી |
| | | બી.આર.એસ. | હિન્દી | | | | | | |
| ૩ | મરાઠી | બી.એ. | મરાઠી | એમ.એ. | મરાઠી | મરાઠી | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | મરાઠી |
| ૪ | અંગ્રેજી | બી.એ. | અંગ્રેજી | એમ.એ. | અંગ્રેજી | અંગ્રેજી | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | અંગ્રેજી |
| | | બી.આર.એસ. | અંગ્રેજી | | | | | | |
| ૫ | ઉર્દુ | બી.એ. | ઉર્દુ | એમ.એ. | ઉર્દુ | ઉર્દુ અથવા અન્ય ભાષા | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | ઉર્દુ |
| ૬ | સિંધી | બી.એ. | સિંધી | એમ.એ. | સિંધી | સિંધી અથવા અન્ય ભાષા | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | સિંધી |
| ૭ | તમિલ | બી.એ. | તમિલ | એમ.એ. | તમિલ | તમિલ અથવા અન્ય ભાષા | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | તમિલ |
| ૮ | તેલુગુ | બી.એ. | તેલુગુ | એમ.એ. | તેલુગુ | તેલુગુ અથવા અન્ય ભાષા | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | તેલુગુ |
| ૯ | ઉડીયા | બી.એ. | ઉડીયા | એમ.એ. | ઉડીયા | ઉડીયા અથવા અન્ય ભાષા | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | ઉડીયા |
| ૧૦ | સામાજિક વિજ્ઞાન | બી.એ. | ઇતિહાસ અથવા ભુગોળ અથવા નાગરીકશાસ્ત્ર અથવા અર્થશાસ્ત્ર અથવા રાજ્યશાસ્ત્ર અથવા સમાજશાસ્ત્ર | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયો પૈકી જે વિષયમાં સ્નાતક હોય તે વિષયમાં અનુસ્નાતક | | ઇતિહાસ/ભુગોળ/ નાગરીકશાસ્ત્ર/ અર્થશાસ્ત્ર/ રાજ્યશાસ્ત્ર/ સમાજશાસ્ત્ર/ સામાજિક વિજ્ઞાન | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | સામાજિક વિજ્ઞાન |
| | | બી.આર.એસ. | અર્થશાસ્ત્ર અથવા ઇતિહાસ | | | | | | |

# માધ્યમિક શાળાઓમાં (SSC) શિક્ષકોની ભરતીના વિષયોની વિગત

| ક્રમ | વિષય | સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | | અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય (જો ધરાવતા હોય તો) | | વ્યવસાયિક લાયકાત (બી.એડ./શિક્ષા વિશારદ (ગુજરાત વિદ્યાપીઠ) / ડીબીએડ/ G.B.T.C.) | | એમ.એડ./ શિક્ષા પારંગત (ગુજરાત વિદ્યાપીઠ) (જો ધરાવતા હોય તો) | TAT કસોટીનો વિષય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | લાયકાત | વિષય | લાયકાત | વિષય | પદ્ધતિ-૧ | પદ્ધતિ-૨ | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ગણિત અને વિજ્ઞાન & ટેકનોલોજી | બી.એસ.સી. | ગણિત અથવા<br>આંકડાશાસ્ત્ર | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયો પૈકી કોઇ એક વિષયમાં અનુસ્નાતક | ગણિત અને વિજ્ઞાન & ટેકનોલોજી | | એમ.એડ./ શિક્ષા પારંગત | ગણિત અને વિજ્ઞાન & ટેકનોલોજી |
| | | બી.એસ.સી. | ભૌતિકશાસ્ત્ર અથવા<br>ઇલેક્ટ્રોનિક્સ અથવા<br>જીયોલોજી | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયો પૈકી કોઇ એક વિષયમાં અનુસ્નાતક | | | | |
| | | બી.એસ.સી. | રસાયણશાસ્ત્ર અથવા<br>ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી અથવા<br>ઓરગેનીક કેમેસ્ટ્રી અથવા<br>ઇનઓરગેનીક કેમેસ્ટ્રી અથવા<br>ફીઝીકલ કેમેસ્ટ્રી અથવા<br>એનાલીટીકલ કેમેસ્ટ્રી | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયો પૈકી કોઇ એક વિષયમાં અનુસ્નાતક | | | | |
| | | બી.એસ.સી. | જીવવિજ્ઞાન અથવા<br>વનસ્પતિશાસ્ત્ર અથવા<br>પ્રાણીશાસ્ત્ર અથવા<br>માઇક્રોબાયોલોજી અથવા<br>બાયો ટેકનોલોજી અથવા<br>બાયો સાયન્સ અથવા<br>બાયો કેમેસ્ટ્રી અથવા<br>મરીન સાયન્સ અથવા<br>એનીમલ સાયન્સ અથવા<br>પ્લાન્ટ બાયોલોજી અથવા<br>લાઇફ સાયન્સ | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયો પૈકી કોઇ એક વિષયમાં અનુસ્નાતક | | | | |

# માધ્યમિક શાળાઓમાં (SSC) શિક્ષકોની ભરતીના વિષયોની વિગત

| ક્રમ | વિષય | સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | | અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય (જો ધરાવતા હોય તો) | | વ્યવસાયિક લાયકાત (બી.એડ./શિક્ષા વિશારદ (ગુજરાત વિદ્યાપીઠ) / ડીબીએડ/ G.B.T.C.) | | એમ.એડ./ શિક્ષા પારંગત (ગુજરાત વિદ્યાપીઠ) (જો ધરાવતા હોય તો) | TAT કસોટીનો વિષય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | લાયકાત | વિષય | લાયકાત | વિષય | પદ્ધતિ-૧ | પદ્ધતિ-૨ | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૨ | સંસ્કૃત | બી.એ. (સંસ્કૃત) અથવા<br>શાસ્ત્રી (બી.એ. ઇન સંસ્કૃત-સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી) | | એમ.એ. (સંસ્કૃત) અથવા<br>આચાર્ય (એમ.એ. ઇન સંસ્કૃત-સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી) | | સંસ્કૃત | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./<br>શિક્ષા પારંગત | સંસ્કૃત |
| | | | | | | અથવા | | | |
| | | | | | | શિક્ષા શાસ્ત્રી (બી.એડ.-સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી) | | | |
| ૧૩ | ફારસી | બી.એ. | ફારસી | એમ.એ. | ફારસી | ફારસી અથવા<br>અન્ય ભાષા | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./<br>શિક્ષા પારંગત | ફારસી |
| ૧૪ | અરબી | બી.એ. | અરબી | એમ.એ. | અરબી | અરબી અથવા<br>અન્ય ભાષા | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./<br>શિક્ષા પારંગત | અરબી |
| ૧૫ | કમ્પ્યુટર અધ્યયન | BCA | | MCA | | કોઇપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./<br>શિક્ષા પારંગત | કમ્પ્યુટર |
| | | B.Sc.(IT) | | M.Sc. (IT) | | | | | |
| | | B.E./B.Tech.(Computer/Computer Science) | | M.E./M.Tech.(Computer / Computer Science) | | | | | |
| | | B.E./B.Tech.(IT) | | M.E./M.Tech.(IT) | | | | | |
| | | B.Sc. (Computer /Computer Science) | | M.Sc.(Computer /Computer Science) | | | | | |
| | | M.Sc. (IT) (Intigrated Cource) | | | | | | | |
| ૧૬ | ચિત્ર | ફાઇન આર્ટસમાં સ્નાતક (B.F.A.) અથવા ડિપ્લોમા ઇન ફાઇન આર્ટસ (પાંચ વર્ષનો ઇન્ટીગ્રેટેડ કોર્ષ) અથવા કોઇપણ વિષયમાં ધોરણ-૧૨ + એ.ટી.ડી. અથવા ધોરણ-૧૨ + ડી.એમ. | | | | | | ---- | ચિત્ર |
| ૧૭ | સંગીત | સંગીત વિશારદ અથવા B.Music અથવા બી.એ. ઇન સંગીત | | | | | | ---- | સંગીત |
| ૧૮ | યોગ સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ | માધ્યમિક શાળામાં ભણાવાતા કોઇપણ વિષયમાં સ્નાતક | | | | B.P.Ed./D.P.Ed. | | ---- | યોગ સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ |
| | | અથવા ધોરણ-૧૨ પછી NCTE માન્ય કોલેજના ત્રણ/ચાર વર્ષના અભ્યાસક્રમના અંતે આપવામાં આવતી બેચલર ઑફ ફિઝીકલ એજ્યુકેશન (B.P.E.) ની પદવી | | | | | | | |

માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે નિમણૂક માટે અનુસ્નાતક કક્ષાની શૈક્ષણિક લાયકાત ફરજીયાત નથી. પરંતુ જો લાયકાત પ્રાપ્ત કરેલ હોય તો ભરતીમાં મેરીટ માટે ગુણાંકન મળવાપાત્ર થશે.

માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે નિમણૂક માટે એમ.એડ. / શિક્ષા પારંગત (ગુજરાત વિદ્યાપીઠ)ની લાયકાત ફરજીયાત નથી. પરંતુ જો લાયકાત પ્રાપ્ત કરેલ હોય તો ભરતીમાં મેરીટ માટે ગુણાંકન મળવાપાત્ર થશે.

માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે નિમણૂક માટેની શિક્ષક અભિયોગ્યતા કસોટી-માધ્યમિક **(TAT-SECONDARY)** ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી એમ ત્રણ માધ્યમમાં યોજવામાં આવશે. ઉમેદવાર પોતાની પસંદગી અનુસાર કોઇ એક માધ્યમમાં પરીક્ષા આપી શકશે. પરંતુ ઉમેદવારે જે માધ્યમની શિક્ષક અભિયોગ્યતા કસોટી ઉત્તીર્ણ કરેલ હશે તે માધ્યમમાં શૈક્ષણિક કાર્ય કરતી શાળામાં જ એટલે કે તે માધ્યમની શાળામાં શિક્ષક તરીકે નિમણૂક મેળવવા માટે પાત્ર ઠરશે

# કૃષિ-ઉત્તર બુનિયાદી શાળાઓમાં શિક્ષકોની ભરતીના વિષયોની વિગત

| ક્રમ | ઉદ્યોગ/વિષયનું નામ | લઘુત્તમ શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત |
|---|---|---|
| ૧ | કૃષિ વિદ્યા | બી.આર.એસ.+બી.એડ અથવા બી.એસ.સી.(એગ્રી)+ બી.એડ |
| ૨ | પશુપાલન અને ડેરી વિજ્ઞાન | બી.આર.એસ.+બી.એડ અથવા બી.એસ.સી.(એગ્રી)+ બી.એડ |
| 3 | ગૃહ જીવન વિદ્યા | બી.એ.(વિશારદ-ગૃહ વિજ્ઞાન) +બી.એડ અથવા બી.એસ.સી.( ગૃહ વિજ્ઞાન)+ બી.એડ |

- કૃષિ-ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે નિમણૂક માટેની શિક્ષક અભિયોગ્યતા કસોટી-માધ્યમિક **(TAT-SECONDARY)** માત્ર ગુજરાતી માધ્યમમાં યોજવામાં આવશે.

**પત્રક-૩**

# વિશિષ્ટ શાળાઓમાં શિક્ષકોની ભરતીના વિષયોની વિગત

1. સંબંધિત વિષયમાં સ્નાતક + સંબંધિત દિવ્યાંગતા ક્ષેત્રનું બી.એડ. (વિશિષ્ટ શિક્ષણ-સ્પેશિયલ B.Ed.)

**અથવા**

2. સંબંધિત વિષયમાં સ્નાતક + બી.એડ.(સામાન્ય) સાથે સંબંધિત દિવ્યાંગતા ક્ષેત્રનું એક વર્ષનો અથવા બે વર્ષનો ડીપ્લોમા (વિશિષ્ટ શિક્ષણ)

**અથવા**

3. સંબંધિત વિષયમાં સ્નાતક + બી.એડ. (સામાન્ય) સાથે સંબંધિત દિવ્યાંગતા ક્ષેત્રનું Post Graduate Professional Diploma in Special Education (PGPD)

**અથવા**

4. સંબંધિત વિષયમાં સ્નાતક + P.G. Diploma in Special Education (Mental Retardation)

**અથવા**

5. સંબંધિત વિષયમાં સ્નાતક + P.G. Diploma in Special Education (Multiple Disability: Physical & Neurological)

**અથવા**

6. સંબંધિત વિષયમાં સ્નાતક + P.G. Diploma in Special Education (locomotors Impairment and Cerebral Palsy)

**અથવા**

7. સંબંધિત વિષયમાં સ્નાતક + Secondary level Teacher Training Course in Visual Impairment.

**અથવા**

8. સંબંધિત વિષયમાં સ્નાતક + Senior Diploma in Teaching the Deaf

**અથવા**

9. B.A./B.Com./B.Sc. + સંબંધિત દિવ્યાંગતા ક્ષેત્રનું સ્પેશિયલ B.Ed.નો ઈન્ટીગ્રેટેડ કોર્સ

**અથવા**

10. Any other equivalent Qualification Approved by RCI (Rehabilitation Council of India) or GOI (Government of India) or GOG (Government of Gujarat) for the above mentioned disabilities or any other disabilities.

- **દિવ્યાંગ વિદ્યાર્થીઓના શિક્ષણ અર્થે દૃષ્ટિહીન, મૂકબધીર, મંદબુદ્ધિતા, C.P. તેમજ અસ્થિવિષયક દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે કાર્યરત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિશિષ્ટ શાળાઓમાં શિક્ષકોની નિમણૂક માટે વિશિષ્ટ શાળાઓમાં સંબંધિત દિવ્યાંગતાના પ્રકારને અનુલક્ષીને સંબંધિત દિવ્યાંગતાના ક્ષેત્રની વ્યવસાયિક લાયકાત ધરાવતા ઉમેદવારની નિમણૂંક કરવાની રહેશે.**
- **વિશિષ્ટ શાળાઓમાં શિક્ષકોની ભરતી માટે ઉપર નિયત થયેલ લાયકાત ધરાવતા ઉમેદવારોએ અન્ય ઉમેદવારો માટે યોજાતી સંબંધિત વિષયની શિક્ષક અભિયોગ્યતા કસોટી ઉત્તીર્ણ કરવાની રહેશે.**

ઉમેદવારનુ નામ :- ............................

મોબાઇલ નં:- ....................................

પ્રતિ,

સચિવશ્રી,

રાજય પરીક્ષા બોર્ડ

સરકારી પુસ્તકાલય પાસે

સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧

Email ID-gseb21@gmail.com

**વિષય:- શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક) પરીક્ષા ફી પરત મેળવવા બાબત.**

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે રાજ્ય પરીક્ષા બોર્ડના તા:૧૨/૧૦/૨૦૧૭ ના જાહેરનામાં ક્રમાંક: રાપબો/TAT(S)/૨૦૧૭/૬૮૭૩-૬૯૧૭ તથા તા:૧૫/૧૧/૨૦૧૭ ના જાહેરનામાં ક્રમાંક: રાપબો/TAT(S)/ ૨૦૧૭/૯૦૧૧-૯૦૫૬ અનુસંધાને મે ................................ માધ્યમમાં કન્ફર્મેશન નંબર ................................. થી ............................ વિષય માટે ઓનલાઇન આવેદનપત્ર ભરેલ હતું.

ત્યારબાદ રાજ્ય પરીક્ષા બોર્ડના તા:૧૧/૦૬/૨૦૧૮ ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TAT(S)/૨૦૧૮/ ૨૯૧૫-૨૯૬૦ થી માધ્યમની જોગવાઇમાં જાહેર થયેલ ફેરફારને કારણે મે ................................માધ્યમમાં કન્ફર્મેશન નંબર ................................. થી ............................ વિષય માટે નવું આવેદનપત્ર ભરેલ છે.

આથી મારા દ્વારા અગાઉ ભરેલ આવેદનપત્રની ફી મારા નીચે જણાવેલ બેંક ખાતામાં પરત કરવા વિનંતી છે.

- બેંક ખાતાધારકનું નામ:............................................................
- બેંકનું નામ:..........................................................................
- બેંક શાખાનું નામ:...................................................................
- બેંક ખાતા નંબર:.....................................................................
- બેંક IFSC કોડ:........................................................................

આ સાથે મારા જુના આવેદનપત્ર તથા ફી ભર્યા અગેના ચલણ/ઇ-રીસીપ્ટની નકલ, નવા આવેદનપત્ર તથા ફી ભર્યા અગેના ચલણ/ઇ-રીસીપ્ટની નકલ અને બેંક પાસબુકના પ્રથમ પેજની નકલ સામેલ છે.

આપનો વિશ્વાસુ

......................................

(ઉમેદવારની સહિ)

બિડાણ: ઉપર મુજબ

રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તથા સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટેની શિક્ષક અભિરૂચિ કસોટીઓ બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૭/૭૭૩/ગ
સચિવાલય ગાંધીનગર
**તારીખ: ૨૦/૦૫/૨૦૧૭**

**વંચાણે લીધા:**

(૧) શિક્ષણ વિભાગના તા:૧૧/૦૨/૨૦૧૧ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૨/બીએમએસ-૧૧૦૯-૧૯૦૬-ગ.

(૨) શિક્ષણ વિભાગના તા:૧૮/૦૪/૨૦૧૨ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૨/બીએમએસ/૧૧૦૯-૧૯૦૬-ગ.

(3) શિક્ષણ વિભાગના તા:૨૩/૦૨/૨૦૧૫ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૭/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/ગ.

(૪) શિક્ષણ વિભાગના તા:૨૩/૦૨/૨૦૧૫ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૮/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/ગ.

(૫) શિક્ષણ વિભાગના તા:03/૦૨/૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/3/બીએમએસ/૧૧૦૯/જી.

(૬) શિક્ષણ વિભાગના તા:03/૦૨/૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૪/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/ગ

(૭) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરનો તારીખ ૮.૩.૨૦૧૭નો પત્ર ક્રમાંક : રાપબો/સંકલન/૨૦૧૭/૧૭૧૫

(૮) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરનો તારીખ ૧.૫.૨૦૧૭નો પત્ર ક્રમાંક : રાપબો/સંકલન/૨૦૧૭/૧૭૧૫

**ઠરાવ:**

આમુખ-(૧) થી રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અને આમુખ-(૨) થી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે શિક્ષક અભિરૂચિ કસોટી ઉતીર્ણ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

શિક્ષક અભિરૂચિ કસોટીઓના આયોજન, સુચારુ સંચાલન અને અમલીકરણની બાબત રાજ્ય સરકારની સક્રીય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તથા સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતીમાં ઉમેદવારી કરવા માટે આવશ્યક શિક્ષક અભિરૂચિ કસોટીઓ માટે નીચે મુજબના નિયમો ઠરાવવામાં આવે છે. શિક્ષક અભિરૂચિ કસોટીઓનું આયોજન રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે.

**1. શિક્ષક અભિરૂચિ કસોટીઓ:**

ગુજરાત રાજ્યમાં રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને સરકારી માધ્યમિક શાળાઓમાં તથા રજિસ્ટર ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અને સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે અલગ અલગ શિક્ષક અભિરૂચિ કસોટીઓ લેવામાં આવશે.

જે ઉમેદવાર જરૂરી લાયકાત ધરાવતા હોય તો શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક) અને શિક્ષક અભિરૂચિ કસોટી (ઉચ્ચતર માધ્યમિક) એમ બંન્ને કસોટીઓ આપી શકશે.

**1.1.શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક):**

રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓમાં અને સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક) ઉત્તીર્ણ કરવાની રહેશે.

**1.1.1. વિષયો:**

શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક) અંતર્ગત વિજ્ઞાન & ટેકનોલોજી/ગણિત, સામાજિક વિજ્ઞાન, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, મરાઠી, ઊર્દૂ, સિંધી, તમીલ, તેલુગુ, ઉડીયા, ફારસી, અરબી, કમ્પ્યુટર, ચિત્ર, સંગીત, યોગ સ્વાસ્થ અને શારિરીક શિક્ષણ વિષયોની કસોટી યોજવામાં આવશે.

કસોટીના આયોજન સમયે આવશ્યકતા અનુસાર સરકારશ્રીની પૂર્વ મંજૂરીથી નવા વિષયો ઉમેરી કે રદ કરી શકાશે.

**1.1.2. ઉમેદવારની લાયકાત:**

રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓમાં અને સરકારી માધ્યમિક શાળાઓમાં સંબંધિત વિષયના શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નક્કી થયેલ અને તેમાં વખતોવખત થતા સુધારાવધારા સાથેની શૈક્ષણિક અને તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવાર જ આ શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક) માટે ઉપસ્થિત થઇ શકશે.

**1.1.3. અભ્યાસક્રમ:**

**વિભાગ-૧: સામાન્ય અભ્યાસ (૧૦૦ પ્રશ્નો) (૧૦૦ ગુણ)**

**(અ) સામાન્ય જ્ઞાન (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)**

- બંધારણની મુળભુત ફરજો (Fundamental Duties-Article-51(A)), ગુજરાતી સાહિત્ય,રાજનીતિ અને શાસનતંત્ર (રાજ્ય અને દેશ) પ્રવાહો અને માળખુ, વિજ્ઞાન અને ટેકનોલોજી, ખેલકુદ અને રમતો, મહાન વિભૂતિઓ (દેશ), સંગીત અને કલા, ભારતનો ઇતિહાસ, ભારતની ભૂગોળ, વર્તમાન પ્રવાહો.

**(બ) શિક્ષક અભિયોગ્યતા (૪૦ પ્રશ્નો) (૪૦ ગુણ)**

**(I) શિક્ષણની ફિલસૂફી (૧૦ પ્રશ્નો) (૧૦ ગુણ)**

- કેળવણીના હેતુઓ (સામાજિક, વ્યક્તિગત, વિશિષ્ટ), કેળવણીના સ્વરૂપો(ઔપચારીક, અનૌપચારીક, અવૈધિક, નિરંતર, દુરવર્તી), શિક્ષણની વિચારધારા (આદર્શવાદ, પ્રકૃતિવાદ, વ્યવહારવાદ).

**(II) શૈક્ષણિક મનોવિજ્ઞાન (૨૦ પ્રશ્નો) (૨૦ ગુણ)**

- વૃદ્ધિ અને વિકાસ, તરુણાવસ્થા, શૈક્ષણિક મનોવિજ્ઞાનની પદ્ધતિઓ, વૈયક્તિક ભિન્નતાઓ, અધ્યયન, બુદ્ધિ, બચાવ પ્રયુક્તિઓ, પ્રેરણા, વિશિષ્ટ બાળકો, વ્યક્તિત્વ,રસ-મનોવલણ, અભિયોગ્યતા.

**(III) વર્ગવ્યવહાર અને મુલ્યાંકન (૧૦ પ્રશ્નો) (૧૦ ગુણ)**

- વર્ગવ્યવહાર, મુલ્યાંકન (બ્લુમ સહિત) અને આંકડાશાસ્ત્ર, શિક્ષણ અને ટેકનોલોજી, ક્રિયાત્મક સંશોધન.

**(ક) તાર્કિક અભિયોગ્યતા (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)**

**(ડ) ગુજરાતી ભાષાકીય પ્રાવીણ્ય (લેખન, વાંચન, કથન, શ્રવણ કૌશલ્ય)**

**(૧૫ પ્રશ્નો)(૧૫ ગુણ)**

- વ્યાકરણ (જોડણી, વિરોધી, સમાનાર્થી, શબ્દસમુહ માટે એક શબ્દ, વિરામ ચિન્હો, અનેકાર્થી, પર્યાયી શબ્દો વિગેરે), સંક્ષેપ લેખન, સારગ્રહણ, ભુલશોધ અને સુધારણા, શીર્ષક, સારાંશ.

**(ઇ) અંગ્રેજી ભાષાની જાણકારી (ધોરણ-૧૨ સુધી) (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)**

- સામાન્ય વ્યાકરણ, ભાષાંતર, સ્પેલીંગ, સુધારણા કરવી, શબ્દ રચના, ચિત્ર આધારીત પ્રશ્નો.

વિભાગ–૨ ખાસ વિષયની કસોટી (૧૦૦ પ્રશ્નો) (૧૦૦ ગુણ)

(અ) વિષયવસ્તુ (૮૦ પ્રશ્નો) (૮૦ ગુણ)

- સબંધિત વિષયના ધોરણ-૯ અને ધોરણ-૧૦ના ગુજરાત રાજ્યના પાઠ્યપુસ્તકનો અભ્યાસક્રમ.

(બ) વિષયવસ્તુ આધારીત પદ્ધતિના પ્રશ્નો (૨૦ પ્રશ્નો) (૨૦ ગુણ)

**1.1.4. પરીક્ષાનું માધ્યમ:**

આ કસોટી ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી એમ ત્રણ માધ્યમમાં યોજવામાં આવશે. ઉમેદવારે ધોરણ -૧૨ માં આ ત્રણ પૈકી જે ભાષા પ્રથમ ભાષા (H.L.) તરીકે પાસ કરી હશે, તે માધ્યમમાં કસોટી આપવાની રહેશે. જે ઉમેદવારે ધોરણ-૧૨ માં આ ત્રણ સિવાય અન્ય કોઇ ભાષા પ્રથમ ભાષા (H.L.) તરીકે પાસ કરી હશે, તેવા ઉમેદવાર કોઇપણ માધ્યમમાં કસોટી આપી શકશે.

ત્રણે માધ્યમની કસોટીના પ્રશ્નપત્ર (પ્રશ્નો) અલગ રહેશે.

**1.2.શિક્ષક અભિરૂચિ કસોટી (ઉચ્ચતર માધ્યમિક):**

રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અને સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે શિક્ષક અભિરૂચિ કસોટી (ઉચ્ચતર માધ્યમિક) ઉત્તીર્ણ કરવાની રહેશે.

**1.2.1. વિષયો:**

શિક્ષક અભિરૂચિ કસોટી (ઉચ્ચતર માધ્યમિક) અંતર્ગત ગણિત, ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, જીવવિજ્ઞાન, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી,મરાઠી, ઊર્દુ, સિંધી, તમિલ, ફારસી, અરબી, પ્રાકૃત, અર્થશાસ્ત્ર, સામાજિક વિજ્ઞાન, સંસ્કૃત, આંકડાશાસ્ત્ર, તત્વજ્ઞાન/તર્કશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ભુગોળ, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, કોમર્સ, યોગ સ્વાસ્થ અને શારિરીક શિક્ષણ, કમ્પ્યુટર વિષયોની કસોટી યોજવામાં આવશે.

ઉપરોક્ત વિષયોમાં કસોટીના આયોજન સમયે આવશ્યકતા અનુસાર સરકારશ્રીની પૂર્વ મંજૂરીથી નવા વિષયો ઉમેરી કે રદ કરી શકાશે.

**1.2.2. ઉમેદવારની લાયકાત:**

રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અને સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંબંધિત વિષયના શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નક્કી થયેલ અને તેમાં વખતોવખત થતા સુધારાવધારા સાથેની શૈક્ષણિક અને તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવાર જ આ શિક્ષક અભિરૂચિ કસોટી (ઉચ્ચતર માધ્યમિક) માટે ઉપસ્થિત થઇ શકશે.

**1.2.3. અભ્યાસક્રમ:**

વિભાગ–૧: સામાન્ય અભ્યાસ (૧૦૦ પ્રશ્નો) (૧૦૦ ગુણ)

(અ) સામાન્ય જ્ઞાન (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)

- બંધારણની મૂળભૂત ફરજો (Fundamental Duties-Article-51(A)), ગુજરાતી સાહિત્ય,રાજનીતિ અને શાસનતંત્ર (રાજ્ય અને દેશ) પ્રવાહો અને માળખુ, વિજ્ઞાન અને ટેકનોલોજી, ખેલકુદ અને રમતો, મહાન વિભૂતિઓ(દેશ),સંગીત અને કલા, ભારતનો ઇતિહાસ, ભારતની ભૂગોળ,વર્તમાન પ્રવાહો.

(બ) શિક્ષક અભિયોગ્યતા (૪૦ પ્રશ્નો) (૪૦ ગુણ)

(I) શિક્ષણની ફિલસૂફી (૧૦ પ્રશ્નો) (૧૦ ગુણ)

- કેળવણીના હેતુઓ (સામાજિક, વ્યક્તિગત, વિશિષ્ટ), કેળવણીના સ્વરૂપો(ઔપચારીક, અનૌપચારીક, અવૈધિક, નિરંતર, દુરવર્તી), શિક્ષણની વિચારધારા (આદર્શવાદ, પ્રકૃતિવાદ, વ્યવહારવાદ).

**(II) શૈક્ષણિક મનોવિજ્ઞાન (૨૦ પ્રશ્નો) (૨૦ ગુણ)**

- વૃદ્ધિ અને વિકાસ, તરુણાવસ્થા, શૈક્ષણિક મનોવિજ્ઞાનની પદ્ધતિઓ, વૈયક્તિક ભિન્નતાઓ, અધ્યયન, બુદ્ધિ, બચાવ પ્રયુક્તિઓ, પ્રેરણા, વિશિષ્ટ બાળકો, વ્યક્તિત્વ,રસ-મનોવલણ, અભિયોગ્યતા.

**(III) વર્ગવ્યવહાર અને મુલ્યાંકન (૧૦ પ્રશ્નો) (૧૦ ગુણ)**

- વર્ગવ્યવહાર, મુલ્યાંકન (બ્લુમ સહિત) અને આંકડાશાસ્ત્ર, શિક્ષણ અને ટેકનોલોજી, ક્રિયાત્મક સંશોધન.

**(ક) તાર્કીક અભિયોગ્યતા (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)**

**(ડ) ગુજરાતી ભાષાકીય પ્રાવીણ્ય (લેખન, વાંચન, કથન, શ્રવણ કૌશલ્ય) (૧૫ પ્રશ્નો)(૧૫ ગુણ)**

- વ્યાકરણ (જોડણી, વિરોધી, સમાનાર્થી, શબ્દસમૂહ માટે એક શબ્દ, વિરામ ચિન્હ, અનેકાર્થી, પર્યાયી શબ્દો વિગેરે), સંક્ષેપલેખન, સારગ્રહણ, ભૂલશોધ અને સુધારણા, શીર્ષક, સારાંશ.

**(ઇ) અંગ્રેજી ભાષાની જાણકારી (ધોરણ-૧૨ સુધી) (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)**

- સામાન્ય વ્યાકરણ, ભાષાંતર, સ્પેલીંગ, સુધારણા કરવી, શબ્દ રચના, ચિત્ર આધારીત પ્રશ્નો.

**વિભાગ-૨ ખાસ વિષયની કસોટી (૧૦૦ પ્રશ્નો) (૧૦૦ ગુણ)**

**(અ) વિષયવસ્તુ (૮૦ પ્રશ્નો) (૮૦ ગુણ)**

- સબંધિત વિષયના ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ના ગુજરાત રાજ્યના પાઠ્યપુસ્તકનો અભ્યાસક્રમ.

**(બ) વિષયવસ્તુ આધારીત પદ્ધતિના પ્રશ્નો (૨૦ પ્રશ્નો) (૨૦ ગુણ)**

**1.2.4. પરીક્ષાનું માધ્યમ:**

આ કસોટી ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી એમ ત્રણ માધ્યમમાં યોજવામાં આવશે. ઉમેદવારે ધોરણ-૧૨ માં આ ત્રણ પૈકી જે ભાષા પ્રથમ ભાષા (H.L.) તરીકે પાસ કરી હશે, તે માધ્યમમાં કસોટી આપવાની રહેશે. જે ઉમેદવારે ધોરણ-૧૨ માં આ ત્રણ સિવાય અન્ય કોઇ ભાષા પ્રથમ ભાષા (H.L.) તરીકે પાસ કરી હશે, તેવા ઉમેદવાર કોઇપણ માધ્યમમાં કસોટી આપી શકશે. ત્રણે માધ્યમની કસોટીના પ્રશ્નપત્ર (પ્રશ્નો) અલગ રહેશે.

**2. શિક્ષક અભિરૂચિ કસોટીઓનું માળખું:**

**2.1.** શિક્ષક અભિરૂચિ કસોટીઓ બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી પ્રશ્નો સ્વરૂપની (Multiple Choice Question (MCQ) Based - OMR આધારીત રહેશે.

**2.2.** આ કસોટીઓ બે વિભાગમાં રહેશે. વિભાગ-૧ માં ૧૦૦ પ્રશ્નો રહેશે તથા વિભાગ-૨ માં ૧૦૦ પ્રશ્નો રહેશે.

**2.3.** આ કસોટીઓમાં વિવિધ હેતુલક્ષી ૨૦૦ પ્રશ્નો રહેશે અને પ્રશ્નપત્રનો સળંગ સમય ૧૮૦ મિનીટનો રહેશે.

**2.4.** આ કસોટીઓના બંન્ને વિભાગ અને તમામ પ્રશ્નો ફરજીયાત રહેશે. આ કસોટીના બંન્ને વિભાગનું સળંગ એક જ પ્રશ્નપત્ર રહેશે.

**2.5.** દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે. દરેક પ્રશ્નના ઉતરમાં ચાર વિકલ્પ આપેલા હશે, તેમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.

**2.6.** આ કસોટીઓના મુલ્યાંકનમાં કોઇ નકારાત્મક મુલ્યાંકન રહેશે નહી.

**2.7.** પ્રશ્નપત્રોની રચના સંપૂર્ણ ગોપનીયતા સાથે જે તે વિષયની લાયકાત અને અનુભવ ધરાવતા ઉતમ તજજ્ઞો દ્વારા રાજ્ય પરીક્ષા બોર્ડ કરવાની રહેશે.

**2.8.** કસોટી આયોજન, સંચાલન અને અમલીકરણ માટે અલાયદા નિતિ-નિયમો અને જાહેરનામુ રાજ્ય પરીક્ષા બોર્ડ તૈયાર કરવામાં આવશે.

3. **પરીક્ષા ફી:**

**3.1.**શિક્ષક અભિરૂચિ કસોટીઓ માટેની ફી રાજ્ય પરીક્ષા બોર્ડ વખતોવખત નક્કી કરે તે પ્રમાણે રહેશે.

4. **શિક્ષક અભિરૂચિ કસોટીઓમાં પસંદગી પામવાનાં ધોરણો:**

**4.1.**શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક)માં પાસ થવા માટે ઉમેદવારે કુલ ગુણના ૫૦% ગુણ એટલે કે કુલ ગુણ ૨૦૦ માંથી બંન્ને વિભાગના મળીને ૧૦૦ ગુણ મેળવવાના રહેશે.

**4.2.**શિક્ષક અભિરૂચિ કસોટી (ઉચ્ચતર માધ્યમિક)માં પાસ થવા માટે ઉમેદવારે કુલ ગુણના ૫૦% ગુણ એટલે કે કુલ ગુણ ૨૦૦ માંથી બંન્ને વિભાગના મળીને ૧૦૦ ગુણ મેળવવાના રહેશે.

**4.3.**આ કસોટીઓ રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને સરકારી માધ્યમિક શાળાઓમાં તથા રજિસ્ટર ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અને સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે જરૂરી લાયકાત મેળવવા માટેની છે, આ કસોટી / કસોટીઓ પાસ કરવાથી શિક્ષક તરીકેની પસંદગીનો હક પ્રસ્થાપિત થતો નથી.

5. **શિક્ષક અભિરૂચિ કસોટીઓના પ્રમાણપત્રની અવધિ:**

**5.1.**શિક્ષક અભિરૂચિ કસોટીઓના પ્રમાણપત્રની અવધિ પરીણામની તારીખથી પાંચ વર્ષ સુધીની રહેશે.

**5.2.**એક વાર શિક્ષક અભિરૂચિ કસોટી આપી દીધા પછી કોઇપણ ઉમેદવાર પોતાના ગુણાત્મક સુધારા અને સારા મેરીટ માટે એક કરતા વધુ વખત પરીક્ષા આપી શકશે અને તેવી સ્થિતિમાં ઉમેદવાર ભરતી વખતે જે કસોટીનું જે પ્રમાણપત્ર રજૂ કરશે તે ધ્યાને લેવામાં આવશે.

**5.3.**માત્ર સફળ ઉમેદવારોને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગુણાંકન સાથેનું પ્રમાણપત્ર આપવામાં આવશે. જેમાં ઉમેદવારનું નામ, સરનામું, પરીક્ષા કેન્દ્રનું નામ અને કોડનંબર, જન્મ તારીખ, ઉમેદવારનો બેઠક નંબર, કસોટી આપ્યાનો માસ અને વર્ષ, દરેક વિભાગમાં મેળવેલ ગુણ, વિષય તથા માધ્યમ દર્શાવવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી,

(એન.એલ.પુજારા)
સંયુક્ત સચિવ,
શિક્ષણ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રા. અને મા.), સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા., સરકારી પુસ્તકાલય સામે, સેક્ટર - ૨૧, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફત)
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ (વેબસાઈટ પર મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારીશ્રી સિલેક્ટ ફાઇલ

રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તથા સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટેની શિક્ષક અભિરૂચિ કસોટીઓની જોગવાઇઓમાં સુધારો કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૭/૭૭૩/ગ.
સચિવાલય ગાંધીનગર
તારીખ : ૭/૫/૨૦૧૮

**વંચાણે લીધા:**

(૧) શિક્ષણ વિભાગના તારીખ ૧૧/૨/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચ/એસએચ/૨/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/છ.

(૨) શિક્ષણ વિભાગના તારીખ ૧૮/૪/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંક : જીએચ/એસએચ/૨/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/છ.

(૩) શિક્ષણ વિભાગના તારીખ ૩/૨/૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક : જીએચ/એસએચ/૪/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/છ.

(૪) શિક્ષણ વિભાગનો તારીખ ૨૦/૫/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૭/૭૭૩/ગ.

(૫) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરનો તારીખ ૧૯/૦૩/૨૦૧૮ પત્ર ક્રમાંક : રાપબો/ટાટ/૨૦૧૮/૧૯૦૮.

**આમુખ:**

રાજ્યની બિનસરકારી અનુદાનિત તથા સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયક તરીકેની ઉમેદવારી કરવા માટે અનુક્રમે આ વિભાગના તારીખ ૧૧/૨/૨૦૧૧ના સંદર્ભ (૧) તથા તારીખ ૧૮/૪/૨૦૧૨ના સંદર્ભ (૨) હેઠળના જાહેરનામાઓથી શિક્ષક અભિરૂચિ કસોટી ઉત્તીર્ણ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. આ વિભાગના તારીખ ૩/૨/૨૦૧૭ના સંદર્ભ (૩) હેઠળના જાહેરનામાથી શિક્ષક અભિરૂચિ કસોટી (TAT)નું સંચાલન રાજ્ય પરીક્ષા બોર્ડને સોંપવામાં આવેલ છે.

આ પરીક્ષાના આયોજન પૂર્વે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને મળેલ વિવિધ રજૂઆતો તથા આ પરીક્ષાનું આયોજન સરળતાથી થઇ શકે તે હેતુથી પરીક્ષા સંબંધિત મુદ્દાઓ અંગે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર ખાતે બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું.

ઉક્ત બેઠકમાં થયેલ ચર્ચા અન્વયે આ વિભાગના તારીખ ૨૦/૫/૨૦૧૭ના સંદર્ભ (૪) હેઠળના ઠરાવમાં આવશ્યક સુધારાઓ કરવા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તારીખ ૧૯/૩/૨૦૧૮ના સંદર્ભ (૫) હેઠળના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ છે. આ દરખાસ્ત અન્વયે જરૂરી સુધારાઓ કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ:</u>**

પુખ્ત વિચારણાના અંતે, આ વિભાગના તારીખ ૨૦/૫/૨૦૧૭થી શિક્ષક અભિરૂચિ કસોટી (Teachers Aptitude Test) અંગેની કરવામાં આવેલ જોગવાઇઓમાં હવે નીચે મુજબના ફેરફાર કરવામાં આવે છે.

| નિયમ નં | તારીખ ૨૦/૫/૨૦૧૭ના ઠરાવની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|
| 1.1.4 & 1.2.4 | આ કસોટી ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી એમ ત્રણ માધ્યમમાં યોજવામાં આવશે. ઉમેદવારે ધોરણ-૧૨ માં આ ત્રણ પૈકી જે ભાષા પ્રથમ ભાષા (H.L.) તરીકે પાસ કરી હશે, તે માધ્યમમાં કસોટી આપવાની રહેશે. જે ઉમેદવારે ધોરણ-૧૨ માં આ ત્રણ સિવાય અન્ય કોઇ ભાષા પ્રથમ ભાષા (H.L.) તરીકે પાસ કરી હશે, તેવા ઉમેદવાર કોઇપણ માધ્યમમાં કસોટી આપી શકશે. ત્રણે માધ્યમની કસોટીના પ્રશ્નપત્ર (પ્રશ્નો) અલગ રહેશે. | આ કસોટી ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી એમ ત્રણ માધ્યમમાં યોજવામાં આવશે. ઉમેદવાર પોતાની પસંદગી અનુસાર કોઇ એક માધ્યમમાં પરીક્ષા આપી શકશે. પરંતુ ઉમેદવારે જે માધ્યમની શિક્ષક અભિરૂચિ કસોટી ઉત્તીર્ણ કરેલ હશે તે માધ્યમમાં શૈક્ષણિક કાર્ય કરતી શાળામાં જ (એટલે કે જો ઉમેદવાર અંગ્રેજી માધ્યમ પસંદ કરી શિક્ષક અભિરૂચિ કસોટી (TAT) આપે છે અને ઉત્તીર્ણ થાય છે તો તે ઉમેદવાર અંગ્રેજી માધ્યમની શાળાઓમાં જ) શિક્ષક તરીકે નિમણૂક મેળવવા માટે પાત્ર ઠરશે. ત્રણે માધ્યમની કસોટીના પ્રશ્નપત્ર (પ્રશ્નો) અલગ રહેશે.<br><u>(ઉદા..</u> જો કોઇ ઉમેદવાર અંગ્રેજી માધ્યમમાં જ અંગ્રેજી વિષય સાથે તાલીમી સ્નાતક/તાલીમી અનુસ્નાતક હોવા છતાં તે ઉમેદવાર ગુજરાતી માધ્યમમાં શિક્ષક અભિરૂચિ કસોટી (TAT) આપે છે અને ઉત્તીર્ણ થાય છે તો તે ઉમેદવાર ગુજરાતી માધ્યમની શાળાઓમાં જ અંગ્રેજી વિષયની ભરતી માટે ઉમેદવારી માટેની પાત્રતા મેળવશે અને ઉમેદવારી નોંધાવી શકશે. અન્ય કોઇ માધ્યમ એટલે કે હિંદી / અંગ્રેજી માધ્યમની શાળાઓમાં અંગ્રેજી વિષયની ભરતી માટે ઉમેદવારી નોંધાવી શકશે નહીં.) |

| નિયમ નં | તારીખ ૨૦/૫/૨૦૧૭ના ઠરાવની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|
| 1.1.3 વિભાગ (૨)(અ) | સબંધિત વિષયના ધોરણ-૯ અને ધોરણ-૧૦ ગુજરાત રાજ્યના પાઠ્યપુસ્તકનો અભ્યાસક્રમ. | ▪ સબંધિત વિષયનો ગુજરાત રાજ્યનો ધોરણ-૯ અને ધોરણ-૧૦ નો અભ્યાસક્રમ.<br>▪ વિભાગ-૨ માટે ભાષાના વિષયોના અભ્યાસક્રમમાં પ્રથમ ભાષા તથા દ્વિતીય ભાષા એમ બંન્નેના અભ્યાસક્રમનો સમાવેશ કરવામાં આવશે. |
| 1.2.3 વિભાગ (૨)(અ) | સબંધિત વિષયના ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ ગુજરાત રાજ્યના પાઠ્યપુસ્તકનો અભ્યાસક્રમ. | ▪ સબંધિત વિષયનો ગુજરાત રાજ્યનો ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ નો અભ્યાસક્રમ.<br>▪ વિભાગ-૨ માટે ભાષાના વિષયોના અભ્યાસક્રમમાં પ્રથમ ભાષા તથા દ્વિતીય ભાષા એમ બંન્નેના અભ્યાસક્રમનો સમાવેશ કરવામાં આવશે. |
| 2.2 | આ કસોટીઓ બે વિભાગમાં રહેશે. વિભાગ-૧ માં ૧૦૦ પ્રશ્નો રહેશે તથા વિભાગ-૨ માં ૧૦૦ પ્રશ્નો રહેશે. | • આ કસોટીઓ બે વિભાગમાં રહેશે.<br>• વિભાગ-૧માં ૧૦૦ પ્રશ્નો રહેશે. દરેક પ્રશ્ન ૦૧ ગુણનો રહેશે.<br>• વિભાગ-૨(અ)માં ૫૦ પ્રશ્નો રહેશે. જે પૈકી ૩૦ પ્રશ્નો ૨ ગુણના (૩૦ પ્રશ્નો X દરેક પ્રશ્નના ૨ ગુણ=કુલ ૬૦ ગુણ) અને ૨૦ પ્રશ્નો ૦૧ ગુણના (૨૦ પ્રશ્નો X દરેક પ્રશ્નના ૧ ગુણ=કુલ ૨૦ ગુણ) રહેશે.<br>• વિભાગ-૨ (બ) માં ૨૦ પ્રશ્નો રહેશે. તમામ પ્રશ્નો ૦૧ ગુણના રહેશે. |
| 2.3 | આ કસોટીઓમાં વિવિધ હેતુલક્ષી ૨૦૦ પ્રશ્નો રહેશે અને પ્રશ્નપત્રનો સળંગ સમય ૧૮૦ મિનીટનો રહેશે. | આ કસોટીઓમાં વિભાગ-૧માં ૧૦૦ અને વિભાગ-૨(અ) + (બ)માં ૭૦ એમ બંને વિભાગમાં કુલ ૧૭૦ વિવિધ હેતુલક્ષી પ્રશ્નો તથા કુલ ગુણ ૨૦૦ રહેશે. પ્રશ્નપત્રનો સળંગ કુલ સમય ૧૮૦ મિનીટનો રહેશે. |
| 2.5 | દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે. દરેક પ્રશ્નના ઉતરમાં ચાર વિકલ્પ આપેલા હશે, તેમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો રહેશે. | દરેક પ્રશ્નના ઉતરમાં ચાર વિકલ્પ આપેલા હશે, તેમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો રહેશે. |

આ વિભાગના તારીખ ૨૦/૫/૨૦૧૭ના સંદર્ભ-(૪) હેઠળના ઠરાવમાં નીચે મુજબની નવી જોગવાઈ દાખલ કરવામાં આવે છે.

૨.૯ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઉચ્ચતર માધ્યમિક વિભાગની જાહેર પરીક્ષામાં જે વિષયોમાં સાદા કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરવામાં આવે છે તે પ્રમાણે તે ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિષયોની શિક્ષક અભિરુચિ કસોટીઓ માટે ઉમેદવારોને સાદા કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરવા માટેની છુટ આપવામાં આવશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એમ.મિસણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં:૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ગ-૧ શાખા, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
- કમ્પ્યૂટર સેલ, શિક્ષણ વિભાગ, ગાંધીનગર આ ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારીશ્રી સિલેક્ટ ફાઇલ.
- સિલેક્ટ ફાઇલ.